# 'माधवीयश्रीमच्छङ्करदिग्विजयः' મહાકાવ્યના સર્ગ–૧ उपोद्घातपरः અને સર્ગ–૨ अवतारकथापरः ની કથા સંરચના

પ્રો. ડૉ.સુરવીરસિંહ આઈ. ઠાકોર
સંસ્કૃત વિભાગાધ્યક્ષ,
આર્ટસ્ એન્ડ કોમર્સ કૉલેજ,ઓલપાડ, જિ. સુરત

**૧. સર્ગ–૧ उपोद्घातपरः**
**પ્રસંગો : (૧)શંકર–ગુણગાન, (૨) ગ્રંથનો વિષય, (૩) કથારમ્ભ**
**(૧)શંકર–ગુણગાન**

प्रणम्य परमात्मानं श्रीविद्यातीर्थरूपिणम् ।
प्राचीनशङ्करजये सारः सगृह्यते स्फुटम् ॥१॥[१]

અર્થાત્ મારા ગુરુ શ્રીવિદ્યાતીર્થરૂપી પરમાત્માને પ્રણામ કરીને પ્રાચીન શંકર– દિગ્વિજયમાંનો સાર સ્પષ્ટપણે ગ્રહણ કરીને તે હું આ ગ્રંથ દ્વારા પ્રગટ કરું છું.

'माधवीयश्रीमच्छङ्करदिग्विजयः'ના રચયિતા શ્રી વિદ્યારણ્ય સ્વામીએ મંગલાચરણ કરી, પોતાના ગુઢ શ્રી વિદ્યાતીર્થને પરમાત્મા સ્વરૂપ કહીને અસિમ ગુઢભક્તિનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ રીતે કવિએ પોતાના મહાકાવ્યનો સુંદર આરંભ કર્યો છે.

જેમ દર્પણમાં મોટાકદની વસ્તુ દશ્યમાન થઈ શકે છે તેમ પોતાના નાના કાવ્યમાં શ્રી શંકરાચાર્યના મહદ્ વચનોનો સાર જોવાની અપીલ કવિએ કરી છે. પ્રાચીન કવિઓની સતત મધુરવાણીમાં આ કાવ્ય ચટપટુ પુરવાર થશે, એમ કવિ જણાવે છે. પ્રાચીન કવિઓએ ભગવાન શંકરાચાર્યની સ્તુતિનું સુંદર નિરૂપણ કર્યું છે, છતાં પણ પોતાની સ્તુતિથી પણ ભગવાન શંકરને પ્રસન્ન થવા જણાવે છે અને જગદ્ગુરુ શંકરાચાર્ય જેઓ જગતના કલ્યાણકારી છે, હૃદયને શુદ્ધ કરનાર છે, એવા યશસ્વીશ્રીની વાણી કથનની કામના કવિ વ્યક્ત કરે છે.

સદ્ગુરુ શ્રી શંકરાચાર્યમાં તો ગુણોનો અપાર સમૂહ છે અને કવિ પોતે સામાન્ય મનુષ્ય, પરંતુ ગુઢની કૃપાદષ્ટિથી શ્રી શંકરાચાર્યના ગુણનું કથન કરવાની યોગ્યતા પ્રાપ્ત થયાનો એકરાર કરે છે. કવિ જણાવે છે કે, પોતાની વાણી દુર્જનોના નઠારા કાદવ વડે ખરડાયેલી છે, તેને શ્રી શંકરાચાર્યના યશનું કથન કરી પોતાની વાણીને પવિત્ર બનાવવા માગે છે. જે વાણી અધમ રાજાઓના ગુણનું વર્ણન કરવામાં કલારૂપ દુર્ગંધ વડે દુર્વાસિત થયેલી છે, જે હવે શ્રી શંકરાચાર્યની કીર્તિનું ગાન કરીને પોતાની વાણીને પણ સુવાસિત કરવાની કામના ધરાવે છે.

બાલચંદ્ર ધારણ કરતા ભગવાન શંકરની કૃપાવતાર એવા ગુઢ શંકરાચાર્યની સેવામાં રત 'नवकालिदास'[२] (માધવ)ની કવિતાના વિસ્તારરૂપ સંતાન (કલ્પવૃક્ષ) ઉત્પન્ન થયો છે, તેને દેવ સુગંધ આપો જેથી પોતે પંડિતોને પણ પોતાની કવિપ્રતિભાની સુગંધથી આનંદ આપી શકે, સાથે કવિએ એક ભય વ્યક્ત કર્યો છે કે, જેમ વિવિધ સુગંધિત પદાર્થોથી પૂજન કરી, હર્ષયુક્ત બનાવેલી ગાયને મુક્ત કરી હોય, તે જો મલેચ્છોના હાથમાં આવી જાય તો તેની દુર્દશા કરે, તેવી જ રીતે નૂતન કાલિદાસ – શ્રી માધવાચાર્ય વિદ્વાનની આ વાણીની પણ કઢણા રહિત દુષ્કવિઓનો સમુદાય દુર્દશા કરે. પરંતુ તરત પોતે પોતાની વ્યર્થ ચિંતાનું નિરાકરણ કરતાં જણાવે છે કે, "કઢણારૂપી જલથી પરિપૂર્ણ સમુદ્રરૂપ સર્વોત્તમ ગુઢ શ્રી શંકરાચાર્ય જ મારી વાણીથી પ્રસન્ન થશે તો એવી અપાર ચિંતા કરવાનું શું કારણ છે ?"[३]

શ્રી શંકરાચાર્યના ગુણોનું કથન કરવામાં અનેકે હાર માની છે, છતાં શ્રી માધવાચાર્ય શ્રી શંકરાચાર્યના ગુણોનું વર્ણન કરવા પોતાની ઈચ્છાને, જેમ બાળક ચંદ્રને પકડવાની ઈચ્છા ધરાવે છે, તેવું પોતાનું સાહસ લેખાવે છે. પરંતુ ગુઢ શ્રી શંકરાચાર્ય કે વિદ્યાતીર્થની કૃપાથી પોતે હાથ વડે ચંદ્રને પકડવા જેવું, અશક્ય કાર્ય પણ કરી શકવાની શ્રદ્ધા ધરાવે છે, સાથે સરસ્વતી દેવીને સ્તુતિ કરીને મધુરતા યુક્ત વાણી પ્રદાન કરવા જણાવે છે. પરંતુ 'ક્યાં આ શંકરાચાર્યનું સુંદર ચરિત્ર અને ક્યાં હું અભાગિની ?'[૪] આમ કહીને ભાગી જતી સરસ્વતીને લાવીને કવિ શંકરના ગુણોની સ્તુતિ યોજે છે. ગુઢ શંકરનો મહિમા જ વિચિત્ર છે ! કવિને સાથે દુઃખ છે કે એકાક્ષરકોશની સહાયતાથી બળાત્કારે પદો ખેંચી કાઢીને પોતાની કવિતાનો કુકવિઓ ગમે તે અર્થ કરશે.

## ૨. ગ્રંથનો વિષય

કવિશ્રી માધવાચાર્ય શ્રી શંકરાચાર્યના ગુણનું વર્ણન કરીને પોતાને કૃતકૃત્ય કરવા માગે છે અને ગ્રંથ રચનાનું પોતાનું પ્રયોજન જણાવતાં લખે છે કે ....

नेत्रा यत्रोल्लसति भगवत्पादसंज्ञो महेशः
शान्तिर्यत्र प्रकचति रसः शेषवानुज्ज्वलाद्यैः ।
यत्राविद्याक्षतिरपि फलं तस्य काव्यस्य कर्ता–
धन्यो व्यासाचलकविवरस्तत्कृतिज्ञाश्च धन्याः ॥[५]

અર્થાત્ – જે કાવ્યમાં 'ભગવત્પાદ' એવું જેનું નામ છે, એવા શંકર નાયકરૂપે શોભે છે, જેમાં શૃંગારાદિક બાકીના રસો સહિત પ્રધાનભૂત શાંત રસ પ્રકાશે છે. વળી, અવિદ્યાનો નાશ જેમાં ફળ છે, એવા આ કાવ્યના કર્તા વ્યાસના જેવા અચલ કવિશ્રેષ્ઠ માધવાચાર્યને ધન્ય છે અને તેના પ્રયત્નને જાણનારા પંડિતોને પણ ધન્ય છે.

આમ, નાયક રસ અને ફળનું કથન કરી પોતાને વ્યાસ જેવા અચલ કવિશ્રેષ્ઠ અને કાવ્યના યત્નને પીછાણનારા પંડિતોને ધન્ય ગણાવે છે.

શ્રી વિદ્યારણ્ય સ્વામીએ સોળ સર્ગમાં વિસ્તરીત કથાને સંક્ષેપમાં પ્રથમ ઉલ્લેખ કર્યો છે. પ્રથમ સર્ગમાં ઉપોદ્ઘાત, બીજા સર્ગમાં શંકરાચાર્યની ઉત્પત્તિ, ત્રીજા સર્ગમાં જુદા જુદા દેવતાઓનો અવતાર, ચોથા સર્ગમાં શંકરાચાર્યની આઠ વર્ષ સુધીની વયનું વર્ણન, પાંચમા સર્ગમાં સંન્યાસ આશ્રમની પ્રાપ્તિનું નિરૂપણ, છઠ્ઠા સર્ગમાં શુદ્ધ આત્મવિદ્યાની સ્થાપનાનું વર્ણન છે. સાતમા સર્ગમાં શંકર–વ્યાસનું કાશીમાં મિલન, આઠમા સર્ગમાં શંકરાચાર્ય અને મંડનમિશ્રનો સંવાદ, નવમા સર્ગમાં સરસ્વતીની સાક્ષીએ આચાર્ય શંકરની સર્વજ્ઞતા સિદ્ધ કરવાના ઉપાયનું ચિંતન, દશમા સર્ગમાં યોગશક્તિ દ્વારા અમરક રાજાના મૃત શરીરમાં પ્રવેશનું વર્ણન, અગિયારમા સર્ગમાં ઉગ્રભૈરવ નામના કાપાલિક પર વિજય, બારમા સર્ગમાં હસ્તમાલક, આર્યતોટક બે શિષ્યોની પ્રાપ્તિ, તેરમા સર્ગમાં વાર્તિકાન્ત બ્રહ્મવિદ્યાનો સમગ્ર ભારતમાં પ્રચાર,ચૌદમા સર્ગમાં પદ્મપાદ નામના શિષ્યની તીર્થયાત્રા, પંદરમા સર્ગમાં શંકરાચાર્યની દિગ્વિજયલીલાનું વર્ણન અને અંતિમ સોળમા સર્ગમાં શંકરાચાર્યનો શારદાપીઠમાં નિવાસ વર્ણવ્યો છે.

## ૩. કથારમ્ભ

શાંકરી કથા દુષ્ટ વાસનાનો નાશ કરનારી, ચાર પુઢષાર્થની સિદ્ધિ કરી આપનારી, રમણીય અને રસિકજનોના આનંદાર્થે આરંભ કર્યાનું કવિ જણાવે છે અને કથાવસ્તુનો આરંભ કરે છે.

એક સમયે બ્રહ્માદિ સર્વે દેવો ઉદયાચલ પર રહેલા શિવજી પાસે જઈ ઉપાસના કરવા લાગ્યા. દેવતાઓને પોતાની સિદ્ધિની આશા સાથે શિવજીને જણાવે છે કે, બુદ્ધના અવતારમાં રહેલા વિષ્ણુ બૌદ્ધોની વંચના કરી રહ્યા છે. વેદને દૂષિત કરનારા બૌદ્ધોની વંચનાર્થે વિષ્ણુએ રચેલા બૌદ્ધશાસ્ત્ર હતા, તે હાલ પ્રસાર પામીને વૈદિકશાસ્ત્રોને પણ દૂષિત કરવા લાગ્યા છે. બુદ્ધ દ્વારા રચિત આગમોમાં વિશ્વાસ રાખનારા બૌદ્ધો દ્વારા પૃથ્વી રાત્રિ જેવા અંધકારથી વ્યાપ્ત છે, એ બૌદ્ધો વર્ણાશ્રમનો ભંગ કરે છે, વેદ, બ્રાહ્મણ, તપ અને બ્રહ્મ એ સર્વેનો દ્વેષ કરનારા છે. તેમના મતે વેદના વચનો તો માત્ર આજીવિકાના સાધનો છે. આને કારણે કોઈપણ મનુષ્ય સંધ્યાદિક કર્મોનું આચરણ કરતો નથી કે સંન્યાસાદિ આશ્રમને ધારણ કરતો નથી અને સર્વે લોક નાસ્તિક, પાખંડી બની ગયા છે. 'યજ્ઞ' શબ્દ સાંભળતાં જ કાનમાં આંગળી નાંખી દે છે. શિવલિંગ, સુદર્શનચક્ર ચિહ્નો પોતાના શરીર પર ચિહ્નિત કરવાવાળા પાખંડીઓએ, દુર્જનો જેમ દયાભાવને છોડી દે તેમ, કર્મોને છોડી દીધાં છે. બૌદ્ધોએ સર્વ વેદવાણીને દૂષિત કરી છે. પરમાત્માને સ્થાપિત કરનારી સર્વે શ્રુતિઓને બૌદ્ધોએ દૂષિત કરી છે, જેનું રક્ષણ કરવાનું છે. તાજા

કાપેલ બ્રાહ્મણના મસ્તક વડે ભૈરવની પૂજા કરતા કાપાલિક મનુષ્યોએ તમામ લોકમર્યાદાનો ભંગ કર્યો છે. આ ઉપરાંત પૃથ્વી પર અનેક કંટકકીર્ણ માર્ગ છે, જેના પર પગ મૂકવાથી મનુષ્ય અધિક દુઃખી જોવા મળે છે. આથી દેવતા દેવાધિદેવ શંકરને લોકરક્ષા માટે આ દુષ્ટોનો નાશ કરીને વૈદિક માર્ગનું સ્થાપન કરવા માટે વિનવે છે, જેથી જગત સુખથી ચાલ્યા કરે. દેવતાઓની આ વાત સાંભળી શિવજીએ કહ્યું કે, 'मनोरथं पूरयिष्ये मानुष्यमवलम्ब्य वः ।'[૬] અર્થાત્ – હું મનુષ્યદેહ ધારણ કરીને તમારી ઈચ્છા પરિપૂર્ણ કરીશ, પાખંડ મતનું ખંડન કરીને વૈદિક ધર્મનું સ્થાપન કરીશ.

દુષ્ટ આચારનો નાશ કરવા માટે અને ધર્મનું સ્થાપન કરવા માટે બ્રહ્મનું પ્રતિપાદન કરનારાં સૂત્રના તાત્પર્યનો વિશેષે કરીને નિર્ણય જેમાં કહેલો છે એવું ભાષ્ય કરીને હું તમારી ઈચ્છા પૂર્ણ કરીશ.

અજ્ઞાનમૂલક દ્વૈતરૂપી અંધકારને દૂર કરવા માટે મધ્યાહ્નકાળના સૂર્યની જેમ ચાર શિષ્યો સાથે, ચાર ભુજાઓ સાથે, વિષ્ણુની જેમ આ પૃથ્વીતળ પર યતિઓમાં શ્રેષ્ઠ શંકરના નામે ઉત્પન્ન થઈશ. મારી જેમ તમે પણ મનુષ્ય શરીરને ધારણ કરો.[૭]

આમ, દેવતાઓને જણાવ્યા બાદ શિવજી પોતાના પુત્ર કાર્તિકેયને જણાવ્યા પ્રમાણે, કર્મ, ઉપાસના અને જ્ઞાન એવા ત્રણ કાંડવાળા વેદનો ઉદ્ધાર કરવાથી બ્રાહ્મણોનો ઉદ્ધાર થશે, તો પૃથ્વીનું રક્ષણ થયું માનવું, વર્ણાશ્રમના ધર્મનો સમુદાય બ્રાહ્મણોને આધીન છે. શિવની અનુમતિથી સંકર્ષણ અને પતંજલિના રૂપમાં વિષ્ણુ અને શેષનાગે અવતરીત થઈને ઉપાસના અને યોગકાંડની સુંદર રક્ષા કરી છે. જ્ઞાનકાંડનો ઉદ્ધાર શિવે સ્વયં કરવાની પ્રતિજ્ઞા દેવતાઓ પાસે લીધી છે અને કાર્તિકેયે બ્રાહ્મણો માટે કર્મકાંડનો ઉદ્ધાર કરવાનો છે. તેથી કાર્તિકેય 'સુબ્રહ્મણ્ય' નામે જગતમાં પ્રસિદ્ધિ પામશે. કાર્તિકેયના સહાયક તરીકે બ્રહ્મા 'મંડન' નામક બ્રાહ્મણ તથા ઈન્દ્ર 'સુધન્વા' નામે રાજા બનશે. કાર્તિકેયે પિતા શિવજીની વાતનો અમૃતની ધારાની જેમ સ્વીકાર કર્યો.

ઈન્દ્રએ મૃત્યુલોકમાં સુધન્વા નામે અને કાર્તિકેયે ભટ્ટપાદ નામે અવતાર લીધો. જૈમિનિસૂત્રોમાં વેદતાત્પર્યને પ્રગટ કરતા ભટ્ટપાદ (કુમારિલ ભટ્ટ) સુધન્વાની નગરીમાં આવે છે. સુધન્વાને કોયલ–કાગડાના ઉદાહરણ નિમિત્તે રાજા ગુણી–અવગુણી બૌદ્ધોના સંગમાં ન હોત તો ખરેખર પ્રશંસનીય હોત એમ જણાવે છે. આ સાંભળી ક્રોધાન્વિત થયેલા બૌદ્ધો સમક્ષ બુદ્ધ સિદ્ધાંતને તેમના જ પ્રમાણો દ્વારા ખંડિત કરી ભટ્ટપાદે પોતાની તર્કશક્તિથી હરાવ્યા અને સુધન્વાને વેદોના વચનોની પ્રશંસા કરી બોધ આપ્યો.

સુધન્વા રાજાએ હાર–જીતનું પ્રમાણ પહાડ પરથી પડીને આપવાનું ઠરાવતાં, ભટ્ટપાદે વેદને પ્રમાણ માની પર્વત ઉપરથી પડતું મૂકી, અક્ષત રહી, વેદને શરણે આવેલાનું રક્ષણ થાય છે, એ વાતને પુરવાર કરી બતાવી. રાજા સુધન્વાને વેદ વચનમાં વિશ્વાસ બેઠો. બૌદ્ધો આવા પ્રમાણનો અસ્વીકાર કરે છે. રાજા ક્રોધાન્વિત થાય છે. બૌદ્ધોને પ્રશ્ન પૂછે છે. જવાબ ન આપનારનો નાશ કરવાની જાહેરાત કરે છે. સાપ પૂરેલા ઘડાનો બ્રાહ્મણો દ્વારા સાચો જવાબ મળે છે. રાજાને દેવવાણી દ્વારા પ્રતિજ્ઞા પાલન કરવાનું જણાવાય છે. સેતુબંધ–રામેશ્વરથી હિમાલય સુધી આબાલવૃદ્ધ બૌદ્ધોનો નાશ કરવાની આજ્ઞા આપી. બૌદ્ધોના સર્વનાશ પછી ભટ્ટપાદે ચારેય બાજુ વેદનો પ્રસાર કર્યો.

આ રીતે અગ્નિમાંથી ઉત્પન્ન થયેલા સ્વામી કાર્તિકેયના અંશાવતાર ભટ્ટપાદે એ પ્રમાણે પ્રથમ આ કર્મમાર્ગની પ્રવૃત્તિ કરી એટલે તે પછી સંસારરૂપી (જન્મ–મરણરૂપી) સમુદ્રમાં ડૂબેલા આ જગતનો અદ્વૈત શાસ્ત્રરૂપી નાવ વડે ઉદ્ધાર કરવાની ચંદ્રશેખર મહાદેવે ઈચ્છા કરી.

**૪. સર્ગ–૨ अवतारकथापरः**

**પ્રસંગ : આચાર્ય શંકરનો જન્મ**

મહેશ્વર કેરલ દેશમાં શ્રીમાન વૃષાદ્રી પર્વત ઉપર પૂર્ણા નદીને કિનારે સ્વયંભૂ જ્યોતિર્લિંગરૂપે પ્રગટ થાય છે. રાજા રાજશેખરે શંકરની પ્રેરણાથી તે જગ્યાએ દેવાલય બંધાવી શિવલિંગ–શંકરનું પૂજન કરવાનો આરંભ કર્યો. આ દેવાલય નજીક છ પ્રકારની ઇતિઓથી રહિત એક સુંદર 'કાલટિ' નામે અગ્રહાર હતો. આ અગ્રહારમાં વસતા પંડિત વિદ્યાધિરાજને ત્યાં પુત્ર તરીકે અવતરિત થવાની શ્રી શંકરને ઈચ્છા થઈ. બાદમાં વિદ્યાધિરાજના પૂર્વજન્મના પ્રતાપે, અતિશય તેજસ્વી, જ્ઞાનમાં શિવ જેવો, વાણીમાં ગુઢ બૃહસ્પતિ જેવો વિચક્ષણ 'શિવગુરુ' નામે પુત્ર જન્મ્યો. આ શિવગુરુએ ગુરુને ત્યાં બ્રહ્મચર્યાદિ યમ–નિયમનું પાલન કરીને વેદનું એણે અધ્યયન કર્યું અને અર્થાદિકનો વિચાર કર્યો. ષદવેદાંગોનો અભ્યાસ કરી રહ્યા બાદ ગુઢએ શિવગુઢને પોતાના ઘરે જવાની આજ્ઞા આપી, કારણ કે શિવગુઢનાં માતા–પિતા પોતાના પિંડનું દાન કરનારા પૌત્રની અપેક્ષાએ

શિવગુઢને યોગ્ય કન્યા સાથે પરણાવવાની ઈચ્છા ધરાવતા હશે, તથા 'સ્ત્રી–પુઢષ બન્નેએ એકત્રિત થઈને ધર્મનું આચરણ કરવું'૮ એવું વેદવિધાન છે, માટે લગ્ન કરવું આવશ્યક છે. શિવગુઢને ગુઢએ આપેલ આદેશની સત્યતાનો સાદર અસ્વીકાર કરી પોતે સંસારમાં ન જવા અને નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળી સીધો સંન્યાસ આશ્રમમાં જઈ વેદાધ્યયનને નિરંતર રાખવાની ઈચ્છા વ્યક્ત કરે છે.

શિવગુઢ દઢતાપૂર્વક પોતાના ગુઢને જણાવે છે કે, "દારગ્રહણથી કેવળ સુખ નથી મળતું એટલું જ નહિ, પણ અત્યંત દુઃખ પણ મળે છે." ગૃહસ્થાશ્રમમાં સદા દુઃખ જ હોય છે. આ વાત શિવગુઢ જણાવતા હતા, ત્યાં ઘરના મુખ્ય અધિકારી 'વિદ્યાધિરાજ' પોતાના પુત્રને ઘરે લઈ જવાની ઈચ્છાથી આવી શિવગુઢ પાસે તેના ગુઢને ઘણું દક્ષિણાદ્રવ્ય અપાવીને વિદ્યાસંપન્ન પોતાના પુત્રને યત્નપૂર્વક ઘરે લઈ ગયો. શિવગુઢ માતાને પગે લાગ્યો. માતાએ આલિંગન આપ્યું, પછી વિદ્યાધિરાજે પુત્ર શિવગુઢની વેદના પદ, ક્રમ, જટા, શિખા, ઘન વગેરેમાં બુદ્ધિ જોઈને તે સંબંધી ઘણા પ્રશ્નો કર્યા. પોતાના પુત્રની બુદ્ધિ જાણવાની ઈચ્છાવાળા તેના પિતાએ તેને ભટ્ટપાદના સિદ્ધાંત, પ્રભાકર કણાદ, ગૌતમ, કપિલ, પતંજલિ વગેરે આચાર્યોના મત વિશે પ્રશ્નો કર્યા. શિવગુઢએ પોતાના વિદ્યાગુઢને પ્રણામ કરીને, મંદ હાસ્ય સાથે, પિતાના પ્રશ્નોનું સમાધાન કર્યું. પુત્રની નિપુણતાથી પિતા અત્યંત સંતુષ્ટ થાય છે.

શિવગુઢના ગુણોથી આકૃષ્ટ ઘણા બ્રાહ્મણો તેને કન્યા આપવાની ઈચ્છાથી તેને ઘેર આવ્યા. ઘણું ધન આપનારા હોવા છતાં પ્રખ્યાત મહિમાવાળા વિપ્રવર્ય વિદ્યાધિરાજે ઉત્તમ કુળની પરીક્ષા કરીને 'મઘપંડિત' નામના બ્રાહ્મણની કન્યાની પોતાના પુત્રને માટે યાચના કરી.

વિદ્યાધિરાજ અને મઘપંડિતે સારું મુહૂર્ત જોઈને ગણપતિ આદિ પોતાના કુળદેવતાની પૂજા કરી, શિવગુઢ અને સતીના લગ્ન કર્યાં. લગ્ન બાદ દંપતિએ અગ્નિનું આધાન કર્યું. કારણ કે અગ્નિનું સ્થાપન કરવું ગૃહસ્થનું મુખ્ય કાર્ય છે, જેમ કે જેણે અગ્ન્યાધાન કર્યું નથી, તે ગૃહસ્થી વિહિત યજ્ઞોમાં અધિકારી થતો નથી.

સ્વર્ગાદિ લોકને જીતવાની ઈચ્છાથી પુષ્કળ ધનથી અનેક યજ્ઞો કર્યા અને દેવતાઓને સ્વર્ગીય અમૃત પણ ભુલાવી દીધું. પિતા, દેવ તથા મનુષ્યોને વિવિધ પ્રકારની અભિલષિત વસ્તુઓ આપીને સંતુષ્ટ કર્યા. શિવગુઢ નિત્ય પરોપકારી કાર્ય કરતો, વેદનું પઠન કરતો, શ્રુતિ અને સ્મૃતિએ આજ્ઞા કરેલાં કર્મ હંમેશા કરતો હતો. આમ કેટલાંક વર્ષો વીતી ગયાં, પરંતુ દુર્ભાગ્યવશ પુત્ર પ્રાપ્તિ થઈ નહીં. સર્વે પ્રકારનું સુખ હોવા છતાં, પુત્ર વિના તે સર્વે તેને સુખકર લાગતા ન હતા. પુત્ર પ્રાપ્તિના અનેક ઉપાયો શોધતાં સફળતા ન મળતાં શિવગુઢને પિતાએ આપેલ જન્મ નિષ્ફળ લાગે છે અને પોતાની પત્ની સતીને જણાવે છે કે –

"भद्रे सुतेन रहितौ भुवि के वदन्ति नौ पुत्रपौत्रसरणिक्रमतः प्रसिद्धिः ।
लोके न पुष्पफलशून्यमुदाहरन्ति वृक्षं प्रवालसमये फलितं विहाय ॥"९

આ સાંભળી શિવગુઢની પત્ની સતી શિવ (શંકર) નામે કલ્પવૃક્ષની કૃપાથી આપણને પુત્ર પ્રાપ્ત થશે. કારણ કે શિવશંકર ભક્તના મનોરથો સિદ્ધ કરવામાં કલ્પવૃક્ષ સમાન છે, એનું ઉદાહરણ ઉપમન્યુ છે. આથી શંકરને ભજવાથી અર્થસિદ્ધિ થશે. આ રીતે પોતાની સ્ત્રીની સર્વોત્તમ વાણી સાંભળીને અર્ધનારીશ્વર શિવને તપનિયમાદિક વડે પ્રસન્ન કરવાની ઈચ્છા કરી.

પોતાના પ્રાસાદની પાસે વહેતી નદીમાં સ્નાન કરી શિવગુઢએ સદાશિવની આરાધના કરવા માંડી અને કંદમૂળ ઈત્યાદિનો ત્યાગ કરી, માત્ર શિવચરણની ઉપાસના કરી, માત્ર ભક્તિથી આરાધના કરવા માંડી. સતી પણ પતિની સાથે શિવઉપાસના કરવા લાગી. આમ ઘણો સમય વીતી ગયો. એકવાર બ્રાહ્મણ વેશધારી, કૃપાળુ શંકર ગાઢ નિદ્રામાં સુતેલા શિવગુઢને સપનામાં આવી પૂછ્યું – "भोः किमभिवा छसि किं तपस्ते पुत्रार्थितेति वचनं स जगाद विप्रः ।"૧૦ ત્યારે મહાદેવે કહ્યું કે, 'હે દ્વિજ ! હું તને સર્વજ્ઞ અને સર્વગુણ સંપન્ન એક પુત્ર આપું કે અસર્વજ્ઞ દીર્ઘાયુ ઘણા પુત્રો આપું ?' શિવગુરુએ કહ્યું – 'મારો પુત્ર બહુગુણ સંપન્ન પ્રતાપશાળી, સર્વજ્ઞ હોય'. શંકરે એવો પુત્ર આપવાનું વચન આપી તપસ્યા છોડી પત્ની સાથે ઘરે જવા જણાવ્યું. શિવગુઢએ આ પત્નીને જણાવ્યું. બન્ને પતિ–પત્ની ઘરે ગયાં અને બ્રાહ્મણોને જમાડી ખૂબ આનંદિત થયાં.

શિવગુઢના ભોજનમાં શિવના તેજનો પ્રવેશ થયો. તે શિવગુઢ જમ્યો તથા સ્વામીનું સેવન કરનારી સતીએ પણ તે શેષ અન્નનું ભોજન કર્યું.

મૃગનયની સતીએ શિવના તેજથી યુક્ત ગર્ભધારણ કર્યો. આથી સતીનું શરીર મધ્યાહ્નકાળના સૂર્યના ઉગ્ર તેજ જેવું તેજસ્વી થવા લાગ્યું. જે શંકર ચૌદ ભુવનના સ્વામી અને અષ્ટમૂર્તિ સ્વરૂપ છે, તે શિવને ગર્ભ સ્વરૂપે ધારણ કરવાથી આલશ્ય યુક્ત, મંદગતિપણાને પામી, તો એ કંઈ આશ્ચર્ય જેવું નથી. સુંદર, સુગન્ધિત ફુલ પણ ધારણ કરવાની સતીને ઈચ્છા થતી નથી, તો આભૂષણની તો વાત જ ક્યાં ? તે સતીને દોહદ અત્યંત પીડા કરવા લાગ્યું. દુર્લભ, અમૂલ્ય અને અપૂર્વ વસ્તુઓ બંધુજનો લઈને આવવા લાગ્યા, તે વસ્તુઓ ચાખીને સતી હર્ષ પામવા લાગી.

સતી નિદ્રાધીન થતી ત્યારે સ્વપ્નમાં પોતે વૃષ ઉપર બેઠી હોય અને ગીત– વિદ્યામાં નિપૂણ વિદ્યાધર નજીક આવી વિનયપૂર્વક એની સ્તુતિ કરી રહ્યા છે અને સ્વપ્નમાં વરદાન આપતી સતીએ ‘જય જય, રક્ષણ કરો, કૃપાદૃષ્ટિની મારું અવલોકન કરો.’ એવા પ્રકારના શબ્દો સાંભળ્યા. સતી સુંવાળી સેજ પર ચઢવામાં કે પરિહાસ વચનમાં પણ ખિન્ન થઈ જતી હતી. સતીએ સ્વપ્નમાં અદ્‌ભુત વાત જોઈ કે, તે અન્ય ભેદવાદી વિદ્વાનોને જીતીને હૃદયને પ્રસન્ન કરવાવાળી સરસ્વતીના સિંહાસન પર સ્વયં બિરાજમાન છે. સાત્ત્વિક વૃત્તિવાળા સજ્જનોને સંસારના વિષયમાં વૈરાગ્ય ઉત્પન્ન થાય, તેવી જ લાગણી સતીના મનમાં થઈ અને પુત્રના આશ્ચર્યકારક ચરિત્રને જણાવનારી તે સ્ત્રીની ચેષ્ટા ઉત્પન્ન થવા લાગી.

**૫. શંકરનો જન્મ :**

“लग्ने शुभे शुभयुते सुषुवे कुमारं श्रीपार्वतीव सुखिनी शुभवीक्षिते च ।
जाया सती शिवगुरोर्निजतुङ्गसंस्थे सूर्ये कुजे रविसूते च गुरौ च केन्द्रे ॥”११

અર્થાત્ – ‘શુભ ગ્રહોયુક્ત, શુભ ગ્રહોની દૃષ્ટિયુક્ત, શુભલગ્નમાં તથા જ્યારે સૂર્ય, મંગળ અને શનિ પોત પોતાના ઉચ્ચ સ્થાનમાં રહ્યા હતા અને ગુઢ કેન્દ્રસ્થાનમાં હતો ત્યારે શિવગુઢની પત્ની સતીએ, પાર્વતીએ જેમ કાર્તિકેયને જન્મ આપ્યો હતો તેમ, સુખરૂપપણે પુત્રનો પ્રસવ કર્યો.’ પુત્રનું મુખ જોઈને શિવગુઢ અત્યંત આનંદિત થઈ, શાસ્ત્રોક્ત પ્રમાણે સ્નાન કરી, શ્રેષ્ઠ બ્રાહ્મણોને વિધિ માટે ઘણું ધન, પૃથ્વી અને ગાયોનું દાન કર્યું. તે દિવસે પરસ્પર વિરોધી જીવ સાથે ફરવા લાગ્યા, વૃક્ષ–વેલીઓ ઉપરથી પુષ્કળ ફળ–ફૂલ ખરવા લાગ્યાં, સમગ્ર નદીઓના જળ નિર્મળ બન્યાં. વાદળો વરસ્યા અને પર્વતોમાંથી એકાએક જળના ઝરણાં ફુટ્યાં. દ્વૈતવાદી વગેરે પુઢષોના હાથમાં રહેલું ઉત્તમ પુસ્તક પણ હાથમાંથી અકસ્માત સરી પડ્યું. વેદાંત ગ્રંથ હસી પડ્યા અને વ્યાસ મુનિનું ચિત્તરૂપી કમલ વિકાસ પામ્યું. દિશાઓ નિર્મળ બની, સુગંધીવાયુઓ વહેવા લાગ્યા, દક્ષિણમાં નમેલ અગ્નિઓ પ્રજ્વળવા લાગ્યાં. દેવતાઓએ પુષ્પ વૃષ્ટિ કરી.

“लोकत्रयी लोकदृशेव भास्वता महीधरेणेव मही सुमेरूणा ।
विद्यां विनीत्येव सती सुतेन सा रराज तत्ताहृशराजतेजसा ॥”१२

અર્થાત્ – ‘જેમ જગતના નેત્રરૂપ સૂર્યથી ત્રિલોક શોભે છે અને ઉત્તમ મેઢ પર્વત વડે જેમ પૃથ્વી શોભે છે તેમ, વિદ્યા વડે વિનયુક્ત થયેલા અને રામચંદ્રાદિક રાજાઓનું જેનામાં તેજ છે, તેવા તે પુત્ર વડે સતી શોભતી હતી.’

શાસ્ત્રજ્ઞ બ્રાહ્મણોના મત પ્રમાણે આ પુત્ર સર્વજ્ઞ થશે અને સ્વતંત્ર શાસ્ત્રની રચના કરશે. પંડિતોને જીતશે, કીર્તિવાન બનશે. આવા બાળકને જ્ઞાતિજન, બાંધવો, મિત્ર, ઈષ્ટજન જોઈને, ગ્રીષ્મના સૂર્યને જોયા પછી શીતળ ચંદ્રને નિહાળીને આનંદ પામે તેમ આનંદ પામે છે. તે બાળકના તેજથી સૂતિકાગૃહનો અંધકાર દીવા વિના પણ દૂર થતો હતો.

આ બાળકને જેઓ જોતા હતા તેમને તે ઉત્તમ સુખ ઉપજાવતો હતો, આથી તેના પિતાએ તેનું નામ ‘શંકર’ પાડ્યું હતું, અથવા શંકરની કૃપાથી તે ઘણે સમયે પ્રાપ્ત થયો હતો તેથી તેનું નામ ‘શંકર’ પાડ્યું હતું. જેમકે ....

“यत् पश्यतां शिशुरसौ कुरुते सम्मयं
तेनाकृतास्य जनकः किल शंकराख्याम् ।
यद्वा चिराय मिल शंकरसंप्रसादात्
जातस्ततो व्यधित शंकरनामधेयम् ॥”१३

આ બાળક સર્વજ્ઞ હોવા છતાં મનુષ્યજાતિને અનુસરીને સામાન્ય બાળકની જેમ વર્તવા લાગ્યો. સુંવાળી સેજવાળા પલંગને ધીમેથી પગ વડે તાડન કરતા તે બાળકે ભેદવાદી (દ્વૈતવાદી) વિદ્વાનોના મનોરથોના સેંકડો ટૂકડા કરી નાંખ્યા. એ બાળકે બે–ચાર વર્ણોનું ઉચ્ચારણ કરતાં જ દ્વૈતના ધુરન્ધર વિદ્વાનોએ મૌન ધારણ કરી લીધું અને ચાલવાનું શરૂ કરતાં દ્વૈત મતના મુખ્ય

વીર પુઢષો દસે દિશાઓમાં તત્કાલ ભાગી ગયા. તે બાળકની વાણીથી કોયલ તથા ચાલથી હંસ વિકલ બની ગયાં. ચંદ્રમાં જેવો બાળક ધીમે ધીમે ચાલવા લાગ્યો તો એના પગની કાંતિથી પૃથ્વી લાલ થઈ ગઈ.

બાળક શંકરના મસ્તક પર ચંદ્રમાનું ચિહ્ન હતું, તેના લલાટમાં નેત્રનું ચિહ્ન હતું, તેના બન્ને ખભા ઉપર ત્રિશૂલનું ચિહ્ન હતું, વર્ણ સ્ફટીક જેવો ગૌર હતો. આ સર્વ લક્ષણોને જોઈ વિદ્વાનો એને સાક્ષાત્ 'શંકર'નો અવતાર માનવા લાગ્યા. પોતાના માતા–પિતાના સંતોષ સાથે બાળક મોટો થવા લાગ્યો.

શંકરની છાતીમાં નાગ વડે, ચરણમાં ચામર વડે, કપાળમાં બીજના ચંદ્ર વડે, હાથમાં ચક્ર, ગદા, ધનુષ અને ડમરૂ વડે તથા માથા પર ત્રિશુલ વડે, અંકિત શરીરનો નિમેષ રહિત નેત્ર વડે જોઈને જનસમુદાય રેખા દ્વારા ચિહ્નિત ચિત્ર સમજવા લાગ્યા.

સનકાદિની સૃષ્ટિ વિરામ પામવા માંડી, દુર્ગતિ વધી ગઈ, સ્વર્ગારોહણ મુશ્કેલ બન્યું. મોક્ષ દુષ્પ્રાપ્ય થયો. દેહધારીનો સ્વભાવ મલિન બન્યો, પૃથ્વી વિઘ્નોયુક્ત બની, ત્યારે શ્રી શંકરાચાર્યના દેહ દ્વારા શ્રી સદાશિવે પૃથ્વી પર અવતાર ધારણ કર્યો.

કોઈપણ શોધસાહિત્ય અંતિમ હોતું નથી. વિસ્તૃત વાંચન અને સંશોધનથી તેમાં ઘણું ખેડાણ થવા સંભવ છે. હું માનું છું કે છેવટે તો આ પ્રકારની સમાલોચનાઓ વિકાસ અને સામાજિક જાગૃતિની આધારશીલા છે માટે ભવિષ્યની સંશોધક પેઢીને મારા આ લેખથી જરૂર લાભ થશે, એજ અભ્યર્થના.
અસ્તુ.

**પાદટીપ**

૧.'माधवीयश्रीमच्छङ्करदिग्विजय:' – શ્લોક–૧/૧
૨.એજન, શ્લોક–૧/૯
૩.એજન, શ્લોક–૧/૧૧
૪.એજન, શ્લોક–૧/૧૫ – 'क्वेदं शंकरसद्गुरो: सुचरितं क्वाहं वराकी ।'
૫.એજન, શ્લોક–૧/૧૭
૬.એજન, શ્લોક–૧/૪૦
૭.એજન, શ્લોક–૧/૪૧–૪૪
૮.'શ્રીશંકરદિગ્વિજય' – (સંપા.) ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ – પૃ. ૩૧
૯.'माधवीयश्रीमच्छङ्करदिग्विजय:' – શ્લોક–૨/૪૫
'હે ભદ્રે ! આપણે બે પુત્ર વિનાના હોવાથી આ સંસારમાં ભલા આપણા વિષયમાં કોણ વાતચીત કરશે ? પુત્ર–પૌત્રની પરંપરાથી જ સંસારમાં પુઢષની પ્રસિદ્ધિ થાય છે. જ્યારે વૃક્ષને નવાં પાન ફુટવાનો સમય આવે છે ત્યારે ફળવાન વૃક્ષ વિના બીજાં ફૂલ કે ફળ વિનાના વૃક્ષને લોકમાં કોઈ સંભારતું નથી.'
૧૦.'શ્રીશંકરદિગ્વિજય' – (સંપા.) બલદેવ ઉપાધ્યાય – શ્લોક–૨/૫૧
'શું ઈચ્છો છો ? શા માટે તપસ્યા કરો છો ? ત્યારે બ્રાહ્મણે ઉત્તર આપ્યો કે, ભગવાન પુત્ર માટે.'
૧૧.એજન, શ્લોક–૨/૭૧
૧૨.એજન, શ્લોક–૨/૭૮
૧૩.એજન, શ્લોક–૨/૮

**સંદર્ભ ગ્રંથ**

૧.'माधवीयश्रीमच्छङ्करदिग्विजय:' – માધવાચાર્ય–વિદ્યારણ્ય સ્વામી
૨.'जीवनमुक्तिविवेक' – વિદ્યારણ્ય સ્વામી
૩.'શ્રીશંકરદિગ્વિજય' – (સંપા.) બલદેવ ઉપાધ્યાય
૪.'श्री शंकरदिग्विजय' – (સંપા.) કૃ. ગો. દેવાશ્રયી
૫.'શ્રીશંકરદિગ્વિજય' – (સંપા.) ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ
૬.'प चदशी' – (સંપા.) ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ
૭.'प चदशी' – (સંપા.) પંડિત હરિપ્રસાદ ભગીરથ
૮.'विवरणप्रमेयसंग्रह' – (સંપા.) વેલંગરામ શાસ્ત્રી